# ચૈતન્યશિલ્પીની ગરિમા

૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૬૭. પૂ.કાંતાબેન જસાણી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. ગંગાબેન |
| પિતાનું નામ | : | પૂ. ભીમજીભાઇ |
| ભાઇ | : | પૂ. છગનભાઇ, પૂ. જીવાભાઇ |
| બહેન | : | - |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | - |
| ભગવાનની અનુભૂતિ | : | ૧૨-૦૮-૧૯૭૦ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૫૯ |

### સાધનાનું બ્રહ્મસૂત્ર : મૌન રહી માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.

પૂ. કાંતાબેનનો જન્મ પ્રત્યક્ષની નિષ્ઠાવાળા સ્વામિનારાયણ કુટુંબમાં થયો હતો. તેઓ સમજણા થયા ત્યારથી ભગવાન ભજવા છે એવું હતું. કાકાશ્રીને સંતો બનાવવાની આજ્ઞા કરી હતી તેથી માણાવદર બહુ આવતા. જોગીબાપા ને પ.પૂ. સોનાબા પણ બહુ જ આવતા. આમ, તેઓનો ઉછેર સત્સંગમાં જ થયો હતો. પ.પૂ. પપ્પાજી ગોંડલ આવે

ત્યારે સવિબેન સાથે પપ્પાજીની સેવા કરવા જતાં. પૂ. દીદી તેઓને પત્ર લખતાં. દીદીએ તેમને ૩૦૦ માળા કરવાની આજ્ઞા આપી હતી.

પપ્પાજીએ હરિભાઈને ૧૯૬૯ની સાલમાં આજ્ઞા કરી કે, '૧લી જૂનનો સમૈયો આવે છે ત્યારે માણાવદરથી હરિભક્તોની બસ આવવાની છે તેમાં કાજુબેન, કાંતાબેન જસાણી અને ભાનુબેન જસાણીને કાયમ માટે ભગવાન ભજવા વિદ્યાનગર જ્યોતમાં મોકલી દો.' આમ તેઓ ૧.૬.૧૯૬૯ના સમૈયામાં આવ્યા ને કાષાંબરી દીક્ષા આપી ને ૧૯૭૦માં ગુરૂહરિ પપ્પાજીએ દ્રષ્ટારૂપે જીવમાં સ્થાન લઈ જન્મોજનમના સુખી કરી દીધા. અહીં આવ્યા પછી ફરતી ટુકડીમાં બધી જ સેવા કરી છે. દીદી તેઓનું ખૂબ જતન કરતાં. પરંતુ તેમને પ.પૂ. બેન ખૂબ ગમે એટલે ભજન કર્યા કરે. એક દિવસ બેને જ પપ્પાજીને કહ્યું કે, 'પપ્પાજી કાંતાની જવાબદારી આજથી હું લઉં છું.' અને બેન પાસે આવી ગયાં. મામીની તબિયત સારી રહેતી ન હતી. બેન અને પપ્પાજીને ખૂબ ચિંતા હતી. પછી બેન અને પપ્પાજીએ નક્કી કર્યું કે, 'કાંતાને મામીની સેવા સોંપીએ' અને તેમને મામીની સેવામાં રાખ્યાં. પપ્પાજી અને બેનની આજ્ઞાથી મામીની સેવા કરી તો અત્યારે સુખી થઈ ગયાં. કાંતાબેને દાસત્વના અંગે સાધના કરી. તેમનામાં ખૂબ જ રાંકભાવ.

એક વખત પપ્પાજી લંડન જતા હતા ત્યારે બધા લાઈનમાં ઉભા હતા. પપ્પાજીની ગાડી કાંતાબેન પાસે આવીને પપ્પાજીએ દ્રષ્ટિ કરીને હાથથી આવજો કહ્યું ત્યારે એમને યાદ આવ્યું કે, ગોંડલ બાપાની ગાડી નીકળી ને તેમની પાસે આવીને બાપાએ દ્રષ્ટિ કરી ને હાથથી આવજો કર્યું હતું. આમ, પપ્પાજી ને બાપા એક છે એવો અનુભવ થયો.

કાંતાબેનને પેટનું કેન્સર થયું, તેમનું ઓપરેશન કરાવવાનું હતું. પપ્પાજી આવ્યા ને કહે, તારા ઓપરેશનમાં હું આવીશ. સરસ થઈ

જશે ને મહિના પછી ભક્તિ ઉત્સવનો સમૈયો છે ત્યારે તું હાલતી – ચાલતી થઈ જઈશ ને સમૈયામાં તારે આવવાનું છે.' ને ખરેખર તેઓ સમૈયાનો લાભ લઈ શક્યા.

અત્યારે પણ કાંતાબેન કોઠારની સેવામાં છે. મૌન રહી કોઈપણ ફરિયાદ વિના સેવા કર્યા કરે છે. તેઓ હાજર છે એવી પણ કોઈને ખબર ના પડે એટલા શાંત. નાની બહેનોને સેવા માટે પ્રોત્સાહન આપે છે. ને ભજન, પ્રાર્થના, મહાપૂજાથી સહુ મુક્તોને બળ પમાડી રહ્યાં છે. ને સહુની સાધના સહેલી બનતી જાય છે.

આવા કાંતાબેનને સહુ સાધકોના ભાવે વંદન !!!



## ૬૮. પૂ. પુષ્પાબેન અમીન

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. શારદાબેન |
| પિતાનું નામ | : | પૂ. રવજીભાઇ |
| ભાઇ | : | પૂ. શશીકાંતભાઇ, પૂ. પ્રવિણભાઇ |
| બહેન | : | પૂ. હંસાબેન, પૂ. ઈલાબેન |
| મૂળ ધર્મ | : | વૈષ્ણવ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | S.S.C., સંસ્કૃત |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૦-૦૮-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૬૦ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : હું કરીશ તો હું પામીશ.**

પૂર્વના જ મુક્તોને મહારાજ પોતાની ભેળા લાવે છે અને ઉત્તરોત્તર આ જોગ આપી સુખિયા કરે છે. પુષ્પાબેને નાનપણથી જગતના કજીયા કંકાસ જોયા હતા. તેથી જગત તરફ અરૂચિ જાગેલી. પરણવું નથી એવો વિચાર આતમો કરે પણ જોગ ન હોય ત્યાં સુધી નક્કી કેવી રીતે થાય ? નવમા ધોરણમાં હતાં ત્યારથી માતા પિતા એમના માટે છોકરો જુએ પણ એ બધાને ના પાડી દે. એની ન પરણવાની ઈચ્છા પાકી થતાં એસ.એસ.સીમાં વાંચવાને બહાને ફોઇ (લલિતાબેન દેસાઇ)

તેમને નડિયાદ લઈ આવ્યાં. તેમને પ્રત્યક્ષનો જોગ હતો. તેમના ગુરૂ પૂ. તારાબેન હતાં. પ.પૂ. પપ્પાજી અને  તારાબેન પણ નડિયાદ આવ્યાં હતાં.

તારાબેનને જોતાં અંતર હરખાઈ ગયું ને તેમણે તારાબેનને કહ્યું કે 'મારે જગતમાં જવું નથી. મારે ભગવાન ભજવા છે.' પપ્પાજી પણ સાથે હતા. તેમણે સાંભળ્યું ને કહ્યું કે, 'જોગીબાપાને સંભારીને ૩૦૦ માળા કરજે.' પુષ્પાબેને જોગીબાપાને જોયા ન હતા એટલે જરા વિચાર આવ્યો કે કોણ જોગીબાપા ? ત્યાં તો અંતર્યામી તારાબેને કહ્યું કે, 'આ પપ્પાજીને સંભારજે. એમને સંભારીને માળા કરજે.' પુષ્પાબેનને આશરો મળ્યો ને આધાર મળ્યો. ઘરે જઈ ભગવાન ભજવા છે તેવી વાત કરી ત્યાં તો માતા - પિતાનો રોષ વધી ગયો. એ તરફ લક્ષ્ય રાખ્યા વગર માળાનું જોર વધાર્યું. પપ્પાજીએ વરસોવા શિબિરમાંથી ફોઈ સાથે પુષ્પાબેન માટે માળા મોકલાવી ને પત્ર લખી મોકલ્યો. ઘરમાં વિરોધ એટલે માળા કેવી રીતે આપે પણ જયુબેન દેસાઈના મમ્મી વિરસદ આવ્યા ને છૂપી રીતે પુષ્પાબેનને માળા ને પત્ર આપ્યો. પણ માળા દિવસે તો થાય નહીં તેથી રાત્રે માળા કરે. આમ માળા ફેરવવાથી ઘરના સંજોગો સાનુકૂળ થવા લાગ્યા. ફોઈના ઘરે વારંવાર પુષ્પાબેન જતાં. ત્યાંથી વિદ્યાનગર આવતાં. તારાબેન નડિયાદ આવતાં ને તેમનો સમાગમ પણ મળતો. એક વર્ષમાં રાજી ખુશીથી રજા મળી ગઈ. ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લીધું. ૧૯૬૯માં જ્યોતમાં કાયમ માટે આવી ગયાં ને સાથે સાથે તેમની નાની બહેન હંસાને પણ પુષ્પાબેનની વાતોથી તારાબેનને ગુરૂ પદે સ્વીકારી મોટી બહેન સાથે તેઓ પણ ભગવાન ભજવા આવી ગયાં. ૧૯૬૯માં કાષાંબરી દીક્ષા મળી ગઈ. વિશ્વાસ અને પ્રપત્તિનાં અંગે સાધના શરૂ કરી.

જ્યોતમાં આવ્યા પછી પુષ્પાબેનને રસોડાની સેવામાં મૂક્યાં. પૂ. માસીબા કહે, 'તારે બધાં જમી લે પછી રૂમમાં જવાનું ને બપોરે ત્રણ વાગે પાછું આવી જવાનું.' આવી સેવાથી માસીબા ખુશ થઈ ગયાં. ત્યાર પછી મામી પાસે નાસ્તાની સેવામાં મૂક્યાં. તે તેમની પાસેથી સરસ શીખી ગયાં. સુરજબાની સેવા માટે પુષ્પાબેનને રસોડામાંથી મોકલ્યા તે દરેક સેવા ખૂબ જ ચોકસાઈ, ચીવટાઈથી કરે ને થોડા જ વખતમાં પ.પૂ.સોનાબાની સેવા માટે પસંદગીનું પાત્ર બન્યાં ને ૧૫

વર્ષ બાની સેવા કરી. મૂર્તિની કમાણી કરી લીધી. બાના સ્વધામગમનથી પુષ્પાબેનને ખૂબ દુઃખ થયું ને તારાબેન પપ્પાજી પાસે લઈ ગયાં. પપ્પાજીએ દિલ્હી જવાનું ગોઠવ્યું. તેમાં તારાબેનના સેવક તરીકે પુષ્પાબેનને લઈ ગયાં ને તેમને હળવા કરી દીધાં.

દિલ્હીમાં તારાબેન પડી ગયાં. હાથે પ્લાસ્ટર આવ્યું. તારાબેન કહે, 'આ પપ્પાજીનો હેતુ મને સમજાઈ ગયો' ને ત્યારથી પુષ્પાબેન તારાબેનની સેવામાં આવી ગયાં. તારાબેનની રૂચિ સમજી સેવા કરે. નાની બહેનોને પપ્પાજીનો, તારાબેનનો લાભ મળે તેવો સુહ્રદભાવ રાખે. તારાબેનની બીમારીમાં જે તેમણે મન મૂકીને સેવા કરી છે કે આપણું મસ્તક નમી જાય. દેહ ને દેહભાવ ગણ્યા વિના સેવા કરી છે. ૨૦૦૪માં તારાબેન સ્વધામ પધાર્યા ત્યાં સુધી પુષ્પાબેને તારાબેનની સેવા કરી,

ત્યાર પછી અત્યારે ભંડારની સેવામાં છે. તેઓ દરેક સેવામાં Before Time. ટુકડીના બેલ પડે અને તેમનું રૂમમાંથી ચાલવાનું શરૂ થઈ ગયું હોય. તેઓ માહાત્મ્યવાળા ને લાગણીશીલ ખૂબ જ છે. સ્પષ્ટવકતા પણ એવા. તેમણે સેવાને જ સાધન માન્યું છે એટલે ક્યારેય તેમાં ફરિયાદ નહીં. તેમને એક જ છે હું કરીશ હું પામીશ એટલે મારે સેવા કરવી છે. દરેક સેવા સ્પષ્ટતા, ચોકસાઈ ને ચીવટાઈથી કરે છે. તેમણે જીવનમાં સેવા અને ભજન જ રાખ્યું છે.

આમ સેવા ને ભજનથી બાજી જીતી જનાર પુષ્પાબેનને અમ સહુ સાધકોના ભાવે પ્રણામ !!!